| સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | |
| --- | --- | --- |
| Accredited Grade A by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,<br>યુનિવર્સિટીકેમ્પસ , યુનિવર્સિટી રોડ,<br>રાજકોટ – ૩૬૦૦૦૫<br>ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ ) ૨૧૪ | |


સંદર્ભ :- (૧) શિક્ષણ વિભાગ ના પત્રાંક પરચ-૧૦૧૭-૧૬૪-ખ. તા.૭-૨-૧૭

(૨) શિક્ષણ વિભાગ ના પત્રાંક પરચ-૧૦૧૭-૦૭-ખ.૧ તા.૧-૨-૧૭

## પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઈડ તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના સંદર્ભિત પત્રોથી રોજગાર વિનિમય કચેરીના માધ્યમ સિવાય કરવામાં આવતી નિમણુંકો/આપવામાં આવતી રોજગારી, આપના ક્ષેત્રાધિકારમાં આપે આપેલી નિમણુંકો/રોજગારીના સંદર્ભમાં દર ત્રણ મહિનાની માહિતી તથા કેમ્પસ ઇન્ટરવ્યુંમાં આપવાની માહિતી આ સાથે સામેલ પત્રકમાં ભરી અત્રેની યુનિવર્સિટીની જાણ હેઠળ શિક્ષણ વિભાગ તથા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ને મોકલી આપવા યોગ્ય કાર્યવાહી થવા જણાવવામાં આવે છે.

કુલસચિવ

બિડાણ :- સંદર્ભિત પત્ર ની નકલ

નં જોડાણ/૨/૨૫૫૨/૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય ,
યુનિવર્સિટી કેમ્પસ , યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
તા. ૨૫-૨- ૨૦૧૭

પ્રતિ,
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ ઇન એઈડ તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તરફ .......

નકલ સાદર રવાના:-
૧. માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ...............
૨. નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં -૫, શાખા –ખ , સચિવાલય, ગાંધીનગર
૩. નાયબ વડા યુનિવર્સિટી રોજગાર કેન્દ્ર – રાજકોટ
૪. કોમ્પ્યુટર સેન્ટર ( વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ ...)

ક્રમાંક: પરચ-૧૦૧૭-૧૬૪-ખ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૭/૦૨/૨૦૧૭

પ્રતિ,

કમિનરશ્રી ઉ.શિ/ કમિનરશ્રી ટે.શિ

- રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ
- આચાર્યશ્રી તમામ સરકારી આર્ટ્સ,કોમર્સ, સાયન્સ કોલેજો,
- આચાર્યશ્રી તમામ સરકારી ઈજનેરી અને પોલીટેકનીક કોલેજો

વિષય: રોજગાર કચેરીના માધ્યમ સિવાય કરવામાં આવતી નિમણૂકો/આપવામાં આવતી રોજગારી સંદર્ભે માહિતી મોકલવા બાબત.

સંદર્ભ: ૧. મુખ્યસચિવશ્રી કાર્યાલયનો તા.૩.૨.૧૭નો ઈ-મેઈલ સંદેશ.
૨. અત્રેનો તા.૧.૨.૨૦૧૭નો પત્ર ક્રમાંક:પરચ-૧૦૧૭-૭/ખ.૧

શ્રીમાન,

સંદર્ભ હેઠળની મુખ્યસચિવશ્રીની સૂચનાની નકલ તેમજ તે સાથે સામેલ થઈ આવેલ શ્રમ અને રોજગાર વિભાગનો તા.૧૧.૮.૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:રગર-૧૧૨૦૦૫-૧-૨(૨) ની નકલ સામેલ છે.

આપના દ્વારા પુરી પાડવામાં આવતી રોજગારી અંગેની વિગતો પુરી પાડવાની થાય છે જેમાં મુખ્ય બાબત છે રોજગાર વિનિમય કચેરીના માધ્યમ સિવાય આપવામાં આવેલી નિમણૂક/રોજગારી.

આ માહિતીના અભાવે રાજ્યમાં કેટલી રોજગારી ઉભી થઈ તેની વિગતો મેળવવામાં સરળતા રહેશે. ઘણી સંસ્થાઓ જુદા જુદા માધ્યમો જેવાં કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા, કરારના ધોરણે કે પરોક્ષ માધ્યમો જેવાં કે આઉટ સોર્સિંગના ધોરણે જરૂરિયાત મુજબ નિમણૂકો કરી રોજગારી ઉભી કરી છે પરંતુ તેની માહિતીના અભાવે, સંકલનના અભાવે, માનવ વિકાસ સૂચકઆંક (Human Development Index) માં તેનો સમાવેશ થઈ શકતો નથી. આથી, આપના ક્ષેત્રાધિકારમાં આપે આપેલી નિમણૂકો/રોજગારીના સંદર્ભમાં દર ત્રણ મહિને નીચે દર્શાવ્યા મુજબના પત્રકમાં માહિતી અચૂક મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

પત્રક તા.૧.૪.૨૦૧૬ થી ૩૧.૧.૨૦૧૭ અંતિત વિગતો

| અ.નં. | નિમણૂંક રોજગારીનો પ્રકાર/ | જગ્યાનું નામ | લાયકાત નું ધોરણ | નિમણૂંકરોજગારી / આવ્યાની સંખ્યા | કુલ વેતન (બાર માસનું) | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | GPSCસરકારના – માન્ય પસંદગી મંડળ.દ્વારા કરવામાં આવેલ નિયમિત પ્રક્રિયાથી કરેલ ભરતી | ૧_____.<br>૨_____.<br>3_____. | ૧_____.<br>૨_____.<br>3_____. | ૧_____.<br>૨_____.<br>3_____. | ૧_____.<br>૨_____.<br>3_____. | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨. | કરાર આધારિત નિમણૂંક | ૧_____.<br>૨_____.<br>૩_____. | ૧_____.<br>૨_____.<br>૩_____. | ૧_____.<br>૨_____.<br>૩_____. | ૧_____.<br>૨_____<br>૩_____. | |
| ૩. | પરોક્ષ નિમણૂંકો / આઉટસોર્સિંગ દ્વારા નિમણૂંક | ૧_____.<br>૨_____.<br>૩_____. | ૧_____.<br>૨_____.<br>૩_____. | ૧_____.<br>૨_____.<br>૩_____. | ૧_____.<br>૨_____.<br>૩_____ | |

(ઉપરની વિગત તા.૦૧.૦૪.૨૦૧૬ થી ૩૧.૦૧.૨૦૧૭ સુધીના સમયગાળાની આપવાની છે. ત્યારબાદ દર ત્રણ માસ અર્થાત, માર્ચ, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બરના અંતની વિગતો મોકલવાની થશે.)

સંદર્ભ-૨ હેઠળના પત્રની નકલ પણ સામેલ છે. જેના આધારે માર્ચ - ૧૭ અંતિત પ્રગતિ પણ દર્શાવવામાં સાનુકૂળતા રહેશે.

આપનો વિશ્વાસુ,

બિડાણ: ઉપર મુજબ

(અશોકસિંહ ટી. પરમાર)
નાયબ સચિવ
dyseched@gmail.com
મો.નં.7069055479

નકલ જાણ સારૂ:- (૧) મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી , તા.૦૩.૦૨.૨૦૧૭ ના ઈ-મેઈલના અનુસંધાનમા

1/c

પત્ર ક્ર- પરચ/૧૦૧૭/૦૭/ખ.૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
Email-dyseched@gmail.com
તા.૧/૨/૨૦૧૭

પ્રતિ,
કમિશનરશ્રી(ઉચ્ચ શિક્ષણ),
ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

કમિશનરશ્રી(ટેકનિકલ શિક્ષણ),
ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

વિષય – કેમ્પસ ઇન્ટરવ્યુનું સમયપત્રક નક્કી કરવા બાબત...

શ્રીમાન,

આપના કાર્યક્ષેત્ર હેઠળ આવતી સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અંતર્ગત વિદ્યાર્થીઓને સરકારી-અર્ધસરકારી કે ખાનગી કંપનીઓમાં લાયક જગ્યાઓ ઉપર નિમણૂંક આપવા અંગે કેમ્પસ ઇન્ટરવ્યુનું આયોજન કરવાનું થાય છે. અમુક ચોક્કસ પ્રકારની જગ્યાઓમાં એક કરતાં વધારે યોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓની જરૂરિયાતવાળા કિસ્સાઓમાં clubbing (જૂથ બનાવી) કરવાની આવશ્યકતા જણાતી હોય તો તેમ કરીને આપના હસ્તકની કોલેજોનુ સમયપત્રક(કેલેન્ડર) બનાવી મને નામજોગ ઉપરના ઇમેઇલ સરનામે તા. ૭.૨.૧૭ સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે. કારણ કે, માર્ચ-૨૦૧૭માં આ પ્રકારના કેમ્પસ ઇન્ટરવ્યુ ગોઠવવાના છે.

આ માટે આપનું આયોજન(સમયપત્રક) મળ્યા બાદ તે ઉદ્યોગ અને ખાણ વિભાગને તા.૧૫.૨.૧૭ સુધીમાં મોકલવવાનું છે જેથી કરીને તેમના ધ્વારા સંબંધિત કંપનીઓને જણાવવામાં સરળતા રહે અને રોજગારી આપવાનો આ કાર્યક્રમ સુગમતાથી હાથ ધરી શકાય. આ માહિતી નીચેના પત્રક મુજબ આપવા વિનંતી છે.

| અ.નં. | કોલેજ/કોલેજોના નામ | પ્લેસમેન્ટ માટે આવશ્યક અભ્યાસક્રમોની વિગત | પ્લેસમેન્ટ કાર્યક્રમની સંભવિત તારીખ/ સ્થળ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫ |
| ૧ | | | | |

આપનો વિશ્વાસુ,
(સહી) ૧/૨/૧૭
( અશોકસિંહ પરમાર )
નાયબ સચિવ(ઉચ્ચ શિક્ષણ)
શિક્ષણ વિભાગ.
ફોન નં: 7069055479

નકલ જાણ સારૂ : ના.સ.શ્રી (ટે.શિ.) સચિવાલય, ગાંધીનગર.

# Information reg jobs generated in all sectors.

J. M. Joshi (GOG-CS Dept.)

**Sent:** Friday, February 03, 2017 15:14

**To:** secguj

**Cc:** Dr. J. N. Singh (Chief Secretary); P K Taneja(GOG-IMD Dept.); Rajiv Kumar Gupta; jayant.joshi29@yahoo.in

**Attachments:** GR-L&E.pdf (2 MB)

Respected Sir/Mam,

I am directed to inform You that vide e-mail dated 2/2/2017, Hon'ble Chief Secretary has instructed as follows:-

" Dear Colleagues,

In post-Vibrant period, Government of Gujarat has accorded highest priority to generation of fresh jobs across the State. Hon'ble Chief Minister took a detailed review on 31st January, 2017 of organization of Mega Job Fairs from 11th February to 17th February, 2017 at eleven different locations, covering all 33 districts. Senior Officials of Labour & Employment Department, Higher & Technical Education and Industries Department were present in the meeting. It was also decided by the Hon'ble Chief Minister that all the line departments would compile jobs generated under their jurisdiction from 1st April, 2016 to 31st January, 2017. This should include jobs generated in governmental, autonomous and private organisations. It may please be noted that this information in the attached format should be collected and be sent to Director of Employment & Training latest by 14th February, 2017. The Government has accorded highest priority to this task. As such the Government has mandated by Govt. Resolution dated 11th August, 2005 vide its No. RGR-112005-1-2(2) that the information in the prescribed format needs to be sent regarding the jobs generated in all sectors to Director of Employment & Training. A copy of the aforesaid GR is also attached herewith for ready reference. I request immediate action by all Secretaries and Heads of Public Sector Undertakings / Boards etc. so that collated information is submitted to the Government immediately."

As, this is the highest priority of the Govt.,You are kindly requested to collect all the information (Department , autonomous and private organisations under the Department)urgently in the prescribed attached format and be sent at the earliest as instructed by the Hon'ble Chief Secretary.

Yours sincerely,

J. M. Joshi,
Deputy Secretary to Chief Secretary
M: 09978405929

PS (H&TE)
F.W. { (OHE, COTE / DS (HE) / DS (TE) }

ગુજરાત રાજ્યમાં સરકારી, અર્ધસરકારી, કોર્પોરેશન બોર્ડ ખાનગી ક્ષેત્રની કચેરીઓ દ્વારા આપવામાં આવેલ રોજગારીની માહિતી મોકલવા બાબત.

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
ઠરાવ ક્રમાંક:રગર-૧૧૨૦૦૫-૧-ર(ર),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ઓગષ્ટ-૨૦૦૫
11 AUG 2005

**ઠરાવ :-**

રાજ્યના બેરોજગાર યુવકોને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારની રોજગાર વિનિમય કચેરીઓ નોકરીદાતા અને બેરોજગાર ઉમેદવાર વચ્ચે કડીરૂપ કામગીરી કરે છે. આ કચેરીઓ ખાતે રાજ્યના બેરોજગાર ઉમેદવારો તેઓના નામોની નોંધણી કરાવે છે. રાજ્ય સરકારની જુદી જુદી કચેરીઓ અર્ધ-સરકારી કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશન તથા ખાનગી ક્ષેત્ર દ્વારા ભરતી કરવા માટે રોજગાર કચેરીઓમાંથી નામો મેળવીને યોગ્ય ઉમેદવારોને નોકરી આપવામાં આવે છે. રોજગાર કચેરી દ્વારા જે બેરોજગાર ઉમેદવારોને નોકરી પુરી પાડવામાં આવી હોય તેની વિગતો ઉપલબ્ધ હોય છે. પરંતુ રોજગાર વિનિમય કચેરીઓના માધ્યમ સિવાય જુદી જુદી ભરતી માન્ય એજન્સીઓ દ્વારા અથવા ખાતાઓ દ્વારા સીધેસીધી જાહેરાત આપીને કે અન્ય રીતે જે નોકરીઓ રાજ્ય સરકાર દ્વારા કે તેની અર્ધ-સરકારી કચેરીઓ કે બોર્ડ-કોર્પોરેશનો દ્વારા આપવામાં આવે છે તેની માહિતી રોજગાર કચેરીઓ પાસે ઉપલબ્ધ હોતી નથી. આ પધ્ધતિએ પૂરી પાડવામાં આવતી રોજગારીનું પ્રમાણ વધારે છે. આટલી વિશાળ સંખ્યામાં રોજગારી પુરી પાડેલ હોવા છતાં ખરેખર કેટલા બેરોજગાર ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી તેની પૂરેપુરી વિગતો એકત્રિત થતી ન હોવાના કારણે રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલ રોજગારીનું સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થઈ શકતું નથી. જેથી રાજ્ય સરકારે આ બાબતે પુખ્ત વિચારણા કરી નીચે મુજબ કાર્યવાહી કરવા ઠરાવેલ છે.

(૧) સચિવાલયના તમામ વિભાગો હસ્તકની ખાતાના વડાની કચેરીઓ, બોર્ડ/નિગમ/કોર્પોરેશન તથા સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા ખાલી જગ્યા ભરવા માટે રોજગાર કચેરી દ્વારા નામોની યાદી મેળવીને ભરતી કરવામાં આવે ત્યારે નિમણુંક આપેલ ઉમેદવારનાં નોંધણી નંબર સાથે કેટલા ઉમેદવારને નોકરીએ રાખ્યા તેની માહિતી સંબંધિત રોજગાર કચેરીને નિમણુંક કર્યાના પંદર દિવસમાં પુરી પાડવાની રહેશે.

(૨) રોજગાર કચેરીઓના માધ્યમ સિવાય જાહેરાતના માધ્યમથી કે ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ કે અન્ય સમિતિ કે પસંદગી સમિતિ મારફતે જ્યારે ભરતી કરવામાં આવે ત્યારે જે ઉમેદવારોની પસંદગી કરવામાં આવે અને જે તે ખાતા કે કચેરીને ફાળવવામાં આવે અથવા જે તે ખાતા કે કચેરી દ્વારા ભરતી/નિમણુંક આપવામાં આવે ત્યારે તેવા ઉમેદવારોએ રોજગાર કચેરીમાં નોંધણી કરાવેલ હોય તો નોંધણી નંબર તારીખ અને રોજગાર કચેરીનું નામ દર્શાવવુ. તેમજ જે ઉમેદવારનું નામ

નોંધણી કરાવેલ ન હોય તો પસંદગી/ નિમણુંક આપેલ ઉમેદવારોની સંપૂર્ણ માહિતી આ સાથેના નિયત કરેલ પરિશિષ્ટ મુજબ દર ત્રણ માસે જુન અંતિત, સપ્ટેમ્બર અંતિત, ડિસેમ્બર અંતિત, માર્ચ અંતિત નિયમીત ધોરણે પુરી પાડવાની રહેશે. તેમજ આ માહિતી બેવડાય નહી તે માટે નીચેની જોગવાઈ મુજબ જે તે કચેરીઓએ માહિતી પૂરી પાડવાની રહેશે.

(અ) આવી જગ્યાઓની ભરતી/પસંદગી કરવાની સત્તા જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષાની કે સ્થાનિક કક્ષાની કચેરીને હોય છે. જેવી કે કલેકટર કચેરી, ડી.એસ.પી. કચેરી, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મ્યુનિસિપલ કોર્પોરેશન વગેરે જેવી કચેરીઓએ આવી જગ્યાઓની ભરતી/પસંદગી કરેલ હોય તો તેવી કચેરીઓએ તેઓને ત્યાં ભરતી કરેલ કે પસંદગી કરેલ જગ્યાઓની માહિતી/ઉમેદવારોની માહિતી જે તે જિલ્લા રોજગાર કચેરીને પૂરી પાડવાની રહેશે.

(બ) આવી જ રીતે જે જગ્યાઓની ભરતી/પસંદગી કે નિમણુંક આપવાની સત્તા રાજય કક્ષાએ કે વડી કચેરીએ હોય તેવી કચેરીઓએ તેઓની વડી કચેરી તેમજ તેઓના તાબાહેઠળની અન્ય કચેરીઓમાં આવી જ કોઈ ભરતી/પસંદગી કે નિમણુંક આપેલ હોય તેઓની સંકલિત માહિતી મેળવી તે માહિતી નિયત કરેલ પરિશિષ્ટમાં નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગરને પૂરી પાડવાની રહેશે.

(ક) આજ પ્રમાણે સરકારશ્રીના વિભાગોમાં જે ઉમેદવારોની ભરતી/પસંદગી કે નિમણુંક આપેલ હોય તે વિભાગોએ તેઓની માહિતી નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી,ગાંધીનગરને પૂરી પાડવાની રહેશે.

(ડ) આજ પ્રમાણે રાજય સરકારનાં તમામ બોર્ડ/કોર્પોરેશન હસ્તકની કચેરીઓની જે જગ્યાઓમાં નિમણુંક આપવાની સત્તા સ્થાનિક કક્ષાએ હોય તેવી કચેરીઓએ માહિતી જે તે જિલ્લા રોજગાર કચેરીઓને દર ત્રણ માસે મોકલવાની રહેશે. અને જે જગ્યાઓમાં નિમણુંક કરવાની સત્તા વડી કચેરી હસ્તક હોય તેવી જગ્યાઓ માટે બોર્ડ/કોર્પોરેશનની વડી કચેરી સહિત તાબાની તમામ કચેરીઓમાં જે ઉમેદવારોને નિમણુંક આપેલ હોય તેની માહિતી સંકલિત કરી જે. તે બોર્ડ/કોર્પોરેશને નિયમીત ધોરણે નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, ગાંધીનગરની કચેરીને પૂરી પાડવાની રહેશે.

(૩) આ ઉપરાંત ખાનગી ક્ષેત્રની નોકરીદાતાઓ/એકમોએ રોજગાર કચેરીનાં માધ્યમ સિવાય જાહેરાત કે અન્ય રીતે તેઓને ત્યાં ખાલી પડેલ જગ્યાઓમાં ઉમેદવારોની નિમણુંકો આપેલ હોય તો તે અંગેની સંપૂર્ણ વિગતો સાથેની માહિતી ખાનગીક્ષેત્રના નોકરીદાતા/કચેરી/એકમ જે જિલ્લામાં આવેલ હોય તે જિલ્લાની રોજગાર કચેરીને પૂરી પાડવાની રહેશે.

(૪) આ રીતે જિલ્લા રોજગાર કચેરીઓને મળેલ રોજગારીની માહિતી ત્રિમાસિક ધોરણે, ત્રિમાસિક ગાળો પૂરો થયાના પછીના મહિનાની ૧૫મી તારીખ સુધીમાં નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગાંધીનગરને મોકલવાની રહેશે.

(૫) આ માહિતી જે તે ત્રિમાસિક ગાળામાં થયેલ ભરતી/નિમણુંકની જ માહિતી આપવાની રહેશે.

(૬) નિયામકશ્રી રોજગાર અને તાલીમે જિલ્લા કક્ષાએથી મળેલ ઉપરોક્ત રોજગારી તથા તેઓની કચેરી ખાતે મળેલ રોજગારી અંગેની માહિતી સંકલિત કરવાની રહેશે.

(૭) આ ઠરાવનો અમલ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન માર્ચ-૨૦૦૫થી જુન-૨૦૦૫ના ત્રિમાસિક ગાળાથી કરવાનો રહેશે.

(૮) આ ઠરાવના સરળ અમલીકરણ માટે નિયામકશ્રી રોજગાર અને તાલીમ પરિશિષ્ટમાં જરૂરી સુધારા-વધારા કરી શકશે.

(૯) સરકારશ્રીના આ ઠરાવનો ચૂસ્ત રીતે અમલ થાય તે માટે સચિવાલયના સર્વે વિભાગોએ તેમના હસ્તકનાં ખાતાની વડી કચેરીઓ/બોર્ડ/કોર્પોરેશન/અર્ધસરકારી કચેરીઓ વગેરેને જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.આઈ.પાટડીયા)
સંયુક્ત સચિવ, (રોજગાર)
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
૪. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૫. માન.વિરોધપક્ષનાં નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૬. સચિવાલયના સર્વે વિભાગો: આપના વિભાગ હસ્તકના ખાતાના વડા, બોર્ડ/કોર્પોરેશન/તથા અર્ધ સરકારી કચેરીઓને આ બાબતે જરૂરી સુચના આપવા વિનંતી છે.
૭. શ્રમ અને રોજગાર વિભાગની સર્વે શાખાઓ.
૮. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૯. શ્રમ આયુક્તશ્રી, ઓ-૩, ન્યુ મેન્ટલ હોસ્પીટલ કમ્પાઉન્ડ, મેઘાણીનગર, અમદાવાદ.
૧૦. ગ્રામ શ્રમ આયુક્તશ્રી, જુના સચિવાલય, ગાંધીનગર.
૧૧. સિલેક્ટ ફાઈલ ર(ર) શાખા.

રોજગાર કચેરીના માધ્યમ સિવાય નિમણૂંક કરવામાં આવેલ ઉમેદવારોની માહિતી દર્શાવતું પત્રક

વિભાગનું નામઃ

કચેરીનું નામ અને સરનામું-

ટેલીફોન નં.

સમયગાળોઃ-તા.૧-૦૪-૧૬ થી તા.૩૧-૦૧-૧૭ અંતિત

| અ.નં. | જગ્યાનો વર્ગ | જગ્યાનું નામ | લાયકાતનું ધોરણ | ભરતી કરેલ/નિમણૂંક આપેલ ઉમેદવારોની સંખ્યા | ઉમેદવારનાં નામ તથા સરનામા | જાતિ<br>અનુ.જાતિ<br>અનુ.જનજાતિ<br>બક્ષીપંચ<br>અન્ય | કુલ | રોજગાર કચેરીએ નામ નોંધણી કરાવેલ હોય તેનો નોંધણી નંબર અને તારીખ | રોજગાર કચેરીનું નામ | ભરતી કયા માધ્યમથી કરેલ છે.<br>દા.ત.જી.પી.એસ.સી., ગૌણ સેવા પસંદગી, પંચાયત સેવા પસંદગી મંડળ, જાહેરાત માધ્યમ વગેરે સ્પષ્ટ દર્શાવવું. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |